## યોગી ચોકમાં ડાયાબિટીસની બીમારીથી પીડિત વૃદ્ધે આપઘાત કર્યો

સુરતઃ યોગીચોકમાં ડાયાબિટીસની બીમારીથી કંટાળીને વૃદ્ધે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગરના સિહોર તાલુકાના નાના સુરખા ગામના વતની હિંમતભાઈ હરખાભાઈ સુતરીયા (ઉં.વ.57) હાલ યોગીચોક વિસ્તારમાં આવેલ યોગીરાજ રો-હાઉસમાં પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન જીવતા હતા. તેમના બે પુત્ર પૈકી એક પુત્ર વિદેશમાં રહે છે. શુક્રવારે સવારે હિંમતભાઈએ ઘરના બેડરૂમમાં હિંચકાના કળા સાથે કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. તેમણે છેલ્લા પંદરેક વર્ષથી ડાયાબિટીસની બીમારી હતી. જે બીમારીથી કંટાળીને હિંમતભાઈએ આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

## કતારગામમાં મગજની બીમારીથી કંટાળી વૃદ્ધે ફાંસો ખાધો

સુરતઃ મૂળ અમરેલીના રાજુલા તાલુકાના વતની રણછોડ જાદવ રાવળ (ઉં.વ.66) હાલ કતારગામ વિસ્તારમાં આવેલા અવધુતનગર સોસાયટીમાં રહેતા હતા તેમના બંને પુત્ર હીરાના કારખાનામાં નોકરી કરે છે. રણછોડભાઈએ આજે બપોરે ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. તેમણે છેલ્લા ત્રીસેક વર્ષથી મગજની બીમારી હતી અને તેની દવા પણ ચાલતી હતી. રણછોડભાઈ આ બીમારીથી કંટાળીને આત્મહત્યાનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

## અધિક માસની પૂજા પણ હવે ઓનલાઇન





■ હાલમાં અધિક મહિનો ચાલી રહ્યો છે અને તેમાં પૂજા અર્ચનાની ભારે મહિમા રહે છે. જો કે, નાનપુરાના રહેવાસી ચેતનાબેન માસ્તરને શારીરિક તકલીફ હોવાથી તેઓ ઘરે બેસીને ઓનલાઇન પૂજા કરે છે અને આ પૂજા નાનપુરા નાવડી ઓવારાના કનુભાઇ ભટ્ટ મહારાજ કરાવી રહ્યાં છે. **(તસવીર : હેમંત ડેરે)**

## કાર શો-રૂમમાં ઠગાઇ કરનાર 4 વર્ષે ઝડપાયો

સુરતઃ સુરત ક્રાઇમ બ્રાન્ચે કાર શો-રૂમના ગ્રાહકો સાથે રૂ.૬.૦૮ લાખની છેતરપિંડી આચરી છેલ્લા ૪ વર્ષથી નાસતા ફરતા રીઢા આરોપીને વડોદરાથી ઝડપી પાડ્યો છે. આરોપી ગૌરાંગ કાંતિભાઈ કંથારીયા (મૂળ રહે., શિવ શક્તિ એસ્ટેટ, ઓલપાડ-સાયણ રોડ, ઓલપાડ, જિ.સુરત) એ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન સુરતના વાલક સ્થિત 'એમીનેન્ટ હુન્ડાઈ' શો-રૂમમાં સેલ્સ કન્સલ્ટન્ટ તરીકે નોકરી કરતી વખતે ગ્રાહકોના કાર બુકિંગના નાણાં કંપનીમાં જમા કરાવવાને બદલે પોતાના અંગત મોજશોખ માટે વાપરી નાખ્યા હતા. સરથાણા પોલીસમથકે ગુનો નોંધાતા જ તે ભાગી ગયો હતો તેને વડોદરાના માંજલપુર વિસ્તારના એક શો-રૂમમાંથી ઝડપી લેવાયો હતો.

# ૪.૮૦ કરોડની ઠગાઈમાં વેપારીનાં જામીન ફગાવાયાં

**ડીસીબી** પોલીસે કુલ ૬ હીરા કબજે કર્યા, એક હિરો હજુ કબજે કરવાનો બાકી

સુરતઃ ૪.૮૦ કરોડની કિંમતના હીરા ઠગાઈ કેસમાં કતારગામનાં આરોપી હરેકૃષ્ણ કમલેશભાઈ રાવલની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આ કેસની ફરિયાદ ડીસીબી પોલીસ સ્ટેશને મહિધરપુરા હીરા બજારનાં નિલકંઠ સોલીટરનાં સંજયભાઈ જાદવભાઈ ગોટીએ આપી હતી. આરોપીઓએ વેબસાઈટ પરથી હીરાના વેપાર કરતી કંપનીઓની માહિતી મેળવી વિદેશમાં સુરતની કંપની પાસેથી હીરા ખરીદનાર કંપનીની વિગત મેળવી વિદેશના વર્ચ્યુલ નંબરો મેળવી સુરતના વેપારીઓનો સંપર્ક કરી રેપનેટ એપ્લિકેશન ઉપર વેચાણ અર્થે મૂકેલા હીરા ખરીદી કરવા માંગતા હોવાનું જણાવી વિશ્વાસ કેળવી હીરાનો માલ ૭ દિવસમાં પેમેન્ટ આપવાની શરતે ખરીદી હીરા દુબઇ, હોંગકોંગ, બેંગકોક ખાતે મંગાવી પેમેન્ટ ૫,૩૪,૨૨૦ (યુ.એસ.ડોલર)(ભારતીય ચલણ રૂ.૪,૮૦,૭૯,૮૦૦) નહીં ચૂકવી છેતરપિંડી કરી હતી. પોલીસે તપાસ દરમ્યાન કુલ-૬ હીરા કિમંત આશરે ૪.૩ કરોડના કબજે કર્યા હતા. જયારે એક હીરો કબજે કરવાનો બાકી છે.આ કેસમાં ધરપકડ કરાયેલાં આરોપી હરેકૃષ્ણ કમલેશભાઈ રાવલએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ એપી વસોયાએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

## સચિન GIDCમાં ત્રીજા માળેથી પટકાતાં શ્રમિકનું મોત

સુરતઃ સચિન જીઆઈડીસીમાં કોંક્રિટનો માલ ખાલી કરતી વખતે ત્રીજા માળેથી પટકાતાં યુવકનું મોત નીપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ દાહોદના વતની વિશાલકુમાર મનુભાઈ મખોડીયા (ઉં.વ.23) હાલ સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલી રેયન કંપનીમાં રહેતો હતો અને ત્યાં જ મજૂરી કામ કરતો હતો. કંપનીમાં ત્રીજા માળનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન ગુરુવારે બપોરે વિશાલકુમાર ત્રીજા માળે સિમેન્ટ કોંક્રિટનો માલ ખાલી કરી રહ્યો હતો. ત્યારે તેનો પગ લપસી જતાં તે ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. તેને તત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે તેનું મોત નીપજ્યું હતું. સચિન જીઆઈડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પથરીની સારવારનો કલેઈમ નકારનાર વીમા કંપનીને ફટકાર

સુરતઃ ઉધનામાં રહેતા ફરિયાદી કેતન સુરેશચંદ્ર વેલાવાલાની પત્ની હેતલબેને ઉધના ગામની હોસ્પિટલમાં બિમારીની સારવાર કરાવી હતી. જેનો ખર્ચ રૂ.૩૭,૦૩૨ કલેઈમ વીમા કંપનીમાં કરવામાં આવ્યો હતો. વીમા કંપનીએ હોસ્પિટલ તેમના નેટવર્કમાં નહીં આવતી હોવાનું કારણ આપી ક્લેઈમ ફગાવી દીધો હતો. જેથી ફરિયાદીએ વકીલ અજય વી. વેલાવાલા મારફતે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ ગ્રાહક કોર્ટે વીમા કંપનીને ફરિયાદીના કલેઈમની રકમ રૂ.૩૭,૦૩૨ વ્યાજ તથા વળતર સહિતની રકમ ચૂકવવા હુકમ કર્યો હતો.

# સુરતમાં ગરમીમાં વધારો પવન મંદ થતાં ભેજ વધ્યો

**મહત્તમ** તાપમાન ૦.૧ ડિગ્રી વધ્યું, લઘુત્તમ તાપમાનમાં પણ વધારો

સુરતઃ સુરત શહેરમાં ગુરુવારે હવામાનમાં સામાન્ય પરંતુ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. ગઈકાલની સરખામણીએ આજે મહત્તમ તાપમાનમાં ૦.૧ ડિગ્રીનો વધારો નોંધાતા શહેરનું મહત્તમ તાપમાન ૩૬.૦ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાનમાં ૦.૪ ડિગ્રીનો વધારો નોંધાતા તે ૨૮.૪ ડિગ્રી રહ્યું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ ગઈકાલે શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિગ્રી નોંધાયું હતું. આજે બંને તાપમાનમાં વધારો થતા દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઉકળાટનો અનુભવ વધુ થયો હતો. શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ ગઈકાલના ૫૧ ટકાની સામે આજે વધીને ૫૬ ટકા નોંધાયું હતું. ભેજમાં ૫ ટકાનો વધારો થતા લોકોને ગરમી સાથે ઉકળાટનો પણ સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને બપોરના સમયે બહાર નીકળતા લોકો પર ગરમીનો પ્રભાવ વધુ અનુભવાયો હતો. બીજી તરફ પવનની દિશામાં થોડો ફેરફાર જોવા મળ્યો હતો.

ગઈકાલે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન પ્રતિ કલાક ૧૫ કિમીની ઝડપે ફૂંકાયો હતો, જ્યારે આજે દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ (SSW) દિશાનો પવન ૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનની ગતિમાં ઘટાડો નોંધાયો હતો. પવનની ગતિ ઘટતા ગરમી અને ભેજનું પ્રમાણ વધુ અનુભવાયું હતું.

## કોમેડિયન બાદલ શર્માએ વકીલોને ક્રિમિનલ કહેતાં આક્રોશ

સુરતઃ સ્ટેન્ડ-અપ કોમેડિયન બાદલ શર્મા દ્વારા વકીલો વિરુદ્ધ કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી સામે ઉગ્ર વાંધો ઉઠાવી આ કોમેડિયન સામે પગલાં ભરવા એડવોકેટ કમલેશ રાવલે બીસીઆઈ અને સુરત બારને પત્ર લખી માંગ કરી હતી. કોમેડિયન બાદલ શર્મા દ્વારા લાઈવ પર્ફોર્મન્સ દરમિયાન ટિપ્પણી કરવામાં આવી હતી. જેમાં વકીલોને ગુનેગારો તરીકે દર્શાવવામાં આવ્યા હતા. એડવોકેટ કમલેશ રાવલએ પત્રમાં જણાવ્યું હતું કે, લોકશાહી રાષ્ટ્રમાં હાસ્ય અને કલાત્મક અભિવ્યક્તિ નિ:શંકપણે સ્વતંત્રતાનો આનંદ માણે છે, જો કે, આવી સ્વતંત્રતા જવાબદારી પણ વહન કરે છે. જાહેર ટિપ્પણીઓ જે સમગ્ર વ્યવસાયને નીચું કરે છે.

# ન્યૂ કતારગામ Y-જંક્શન પર ડાયવર્ઝન દૂર કરવામાં આવ્યાં

**નગરસેવકોની** રજૂઆત બાદ ટ્રાફિક પોલીસ અને ઝોન અધિકારીઓએ સ્થળ મુલાકાત કરી નિર્ણય લીધો; સ્થાનિક લોકોને લાંબો ચકરાવો નહીં લેવો પડે



સુરતઃ વોર્ડ નં. 1 હેઠળ આવતા ન્યૂ કતારગામ-વરિયાવ Y-જંક્શન વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કામો અને રિંગ રોડ પ્રોજેક્ટને કારણે અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા તેમજ કેટલાક સ્થળોએ ડાયવર્ઝન આપવામાં આવ્યાં હતાં. તેના કારણે સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોને લાંબો ચક્કર મારવો પડતો હોવાથી મોટી સંખ્યામાં લોકો રોંગ સાઈડમાં વાહન હંકારી જોખમ લઈ રહ્યા હતા. પરિણામે વિસ્તારમાં રોજિંદા ટ્રાફિક જામ અને અકસ્માતની ભીતિ વધી રહી હતી. આ માર્ગ સીધો નેશનલ હાઈવે સાથે જોડાતો હોવાથી કતારગામ અને રાંદેર ઝોનના રહેવાસીઓ ઉપરાંત સૌરાષ્ટ્ર અને અમદાવાદ તરફ જતાં વાહનોની પણ ભારે અવરજવર રહે છે. ટ્રાફિકની સમસ્યા અને લોકોની હાલાકી મુદ્દે સ્થાનિક નગરસેવકો વિજયભાઈ ભાટીયા અને રાજુભાઈ પટેલે ઝોન કચેરી તથા ટ્રાફિક પોલીસ સમક્ષ રજૂઆત કરી હતી. રજૂઆતના પગલે અધિકારીઓ દ્વારા સ્થળ વિઝિટ કરી ટ્રાફિકની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વચ્ચેનો બ્લોક કરાયેલ રોડ ફરીથી ખુલ્લો મુકવાનો નિર્ણય લેવાતા સ્થાનિકોમાં રાહતની લાગણી ફેલાઈ છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ હવે લાંબા અંતરનો ચક્કર ટળશે અને રોંગ સાઈડમાં વાહન ચલાવવાની ફરજ નહીં પડે, જેના કારણે અકસ્માતનો ભય પણ ઘટશે.


**પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !**

એઆરએમબી, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત–૩૯૫૦૦૩
ફોન : ૮૧૪૬૦૯૨૮૭૭ / ૯૬૨૪૫૭૭૨૨૫
ઈમેઈલ : cs8323@pnb.co.in

**સ્થાયી મિલકતની ઈ–હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ**

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ–હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૦૮.૦૬.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી જરૂર જણાય તો ૧૦ મિનીટના વધારા સાથે** પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

**ઈ–હરાજી તા.૦૮.૦૬.૨૦૨૬ (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) । નિરીક્ષણ તા.૦૬.૦૬.૨૦૨૬ સુધી (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી)**

| નં. | શાખાનું નામ<br>ખાતાનું નામ<br>દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત<br>ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતો ના ગીરવેદારો) | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ<br>બ) તા.૩૦.૦૪.૨૦૨૬ ના રોજ બાકી રકમ + વધારાનું વ્યાજ<br>ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ<br>ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત<br>બ) ઈએમડી<br>ક) બોલી વધારાની રકમ<br>(રૂ.લાખમાં) | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત<br>Property ID : |
|---|---|---|---|---|---|
| ૧ | **પીએનબી : દેવકા બીચ દમણ(૭૧૭૦૦૦)**<br>**મેસર્સ માર્ક એન્ટરપ્રાઈઝીસ (માલિક : શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ) :** ફ્લેટ નં. ૧૩, ગ્રા – ૬, ગુરૂદેવ કોમ્પલેક્ષ, સેલવાસ રોડ, ઈમરાન નગર, વાપી –૩૯૬૧૯૧.<br>**શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ (જામીનદાર)** પ્લોટ નં. ૩૨/૬, મુ.પો.કરવડ, વલસાડ – ૩૯૬૦૦૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ ના નામે આવેલ 'નાઝ પાર્ક' નામની સી બિલ્ડીંગ ના ભોંયતળિયા ની દુકાન નં.૨, જેનુ માપ ૩૫૦. ચો.ફૂટ એટલે ૩૨.૫૨ ચો.મી., દુકાન નં ૩, જેનુ માપ ૫૦૦.૦૦ ચો.ફૂટએટલે ૪૬.૪૬ ચો.મી., દુકાન નં. ૪, જેનું માપ ૫૦૦.૦૦ ચો.ફૂટ એટલે ૪૬.૪૬ ચો.મી., અને દુકાન નં. ૧૧, જેનુ માપ ૩૫૦.૦૦ ચો.ફૂટ એટલે ૩૨.૫૨ ચો.મી છે.એન.એ. થયેલ પ્લોટ નં. ૭ થી ૨૦, કુલ પ્લોટ એરીયા માપ ૩૧૯૨.૧૩ ચો.મી ઉપર થયેલ કરવડ ગામ ની હદમાં, વલસાડ ખાતે શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ ની માલિકની આવેલ છે. | અ) ૧૫.૦૧.૨૦૧૯<br>બ) રૂ.૧,૫૯,૯૦,૦૨૩.૮૬ તા. + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૫.૦૭.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૨૪.૮૫<br>બ) રૂ.૨.૫૦<br>ક) રૂ.૦.૨૫ | જાણમાં નથી<br>PUNB717000 MARK |
| ૨ | **પીએનબી : દેવકા બીચ દમણ (૭૧૭૦૦૦)**<br>**મેસર્સ કેરી કોર્પોરેશન :** પ્લોટ નં. ૪૦, ૧લો માળ, દમણગંગા ઈન્ટસ્ટ્રીયલ પાર્ક, નુર વે – બ્રિજ પાસે, વાપી, તા.પારડી, જી. વલસાડ – ૩૯૬૧૯૧.<br>**રસીદાબાનો નસીમ શેખ ( જામીનદાર)** ગ્રા. ૬/બી, ફલેટ નં. ૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, વાપી, જી. વલસાડ – ૩૯૬૧૯૧. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી નાઝ પાર્ક ના સી બિલ્ડીંગ ભોંયતળીયાની કોમર્સીયલ દુકાન નં. ૧૩, ૧૪, ૧૫, અને ૧૬, જે એનએ થયેલ પ્લોટ નં. ૦૭, કોમ્પ્યુટરાઈઝ સર્વે નં.૩૩૭/ પ્લોટ નં ૦૭, પ્લોટ નં.૦૮, કોમ્પ્યુટરાઈઝ સર્વે નં.૩૩૭/ પ્લોટ નં ૦૮, ૨૦.૦૦ ચો.મી. ના વણવહેચાયેલ હિસ્સા સહિત મોજે ગામ કરવડ, તા.વાપી, જી. વલસાડ ખાતે આવેલ છે. **(મિલકત ની માલિકી શ્રીમતી રશીદા નસીમ શેખની છે.)** | અ) ૧૮.૧૧.૨૦૧૯<br>બ) રૂ.૧,૬૪,૬૧,૩૪૦.૬૬ તા. + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૦૪.૧૨.૨૦૨૧<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૨૦.૮૨<br>બ) રૂ.૨.૧૦<br>ક) રૂ.૦.૨૫ | જાણમાં નથી<br>PUNB717000 CARRY |
| ૩ | **પીએનબી : દેવકા, બીચ દમણ(૭૧૭૦૦૦)**<br>**મેસર્સ એલાઈડ પ્લાસ્ટોકેમ, (ભાગીદાર પેઢી) શ્રી અસ્ફાક બસીર શેખ :** ૧૦૫/૧૦૬ મેહર એપાર્ટમેન્ટ, કબરસ્તાન રોડ, વાપી, જી. વલસાડ– ૩૯૬૧૯૧.<br>**શ્રીમતી સમીમબાનુ બસીર શેખ** ૫૦૪ અનમોલ ટાવર, ઈમરાન નગર, જી. વલસાડ–૩૯૬૧૯૧.<br>**શ્રી સાહિલ બસીર શેખ** ૧૦૫ મેહર એપાર્ટમેન્ટ, કબરસ્તાન રોડ, વાપી, –૩૯૬૧૯૧.<br>**શ્રી સલમાન રિઝવાન શેખ** ૧૦૫ મેહર એપાર્ટમેન્ટ, કબરસ્તાન રોડ, વાપી, –૩૯૬૧૯૧.<br>**શ્રીમતી સબનમ રિઝવાન શેખ** ૧૦૫ મેહર એપાર્ટમેન્ટ, કબરસ્તાન રોડ, વાપી, –૩૯૬૧૯૧. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત કે જે નાઝ પાર્ક નામે જાણીતી બિલ્ડીંગ નો બી–વિંગ ના ચોથા માળનો નો ફ્લેટ નં.૪૦૨, માપ આશરે ૯૫૦.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ બિનખેતી પ્લોટ નં.૭, પ્લોટ નં. ૨૦ કુલ પ્લોટ એરીયા માપ ૩૧૯૨.૧૩ ચો.મીટર, સર્વે નં.૩૩૭, કુલ એરીયા નુ આશરે માપ ૨૫૨૯૩.૦૦ ચો.મીટર, મોજે ગામ. કરવડ, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત રાજય માં શ્રી સાહીલ બશીર શેખની માલિકીનો છે. | અ) ૦૫.૧૨.૨૦૧૯<br>બ) રૂ.૧,૮૨,૯૩,૨૩૧.૫૧ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૦૩.૧૧.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૭.૭૫<br>બ) રૂ.૦.૯૦<br>ક) રૂ.૦.૧૫ | જાણમાં નથી<br>PUNB 71700022 |
| | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત કે જે નાઝ પાર્ક નામે જાણીતી બિલ્ડીંગ નો બી–વિંગ ના ચોથા માળનો નો ફ્લેટ નં.૪૦૩, માપ આશરે ૬૫૦.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ બિનખેતી પ્લોટ નં.૭, પ્લોટ નં. ૨૦ કુલ પ્લોટ એરીયાનું આશરે માપ ૩૧૯૨.૧૩ ચો.મીટર, સર્વે નં.૩૩૭, કુલ એરીયા નુ આશરે માપ ૨૫૨૯૩.૦૦ ચો.મીટર, મોજે ગામ. કરવડ, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત રાજય માં શ્રી સાહીલ બશીર શેખની માલિકીનો છે. | | અ) રૂ.૫.૨૮<br>બ) રૂ.૦.૬૦<br>ક) રૂ.૦.૧૫ | જાણમાં નથી<br>PUNB 717ALLIED403 |
| | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત કે જે નાઝ પાર્ક નામે જાણીતી બિલ્ડીંગ નો બી–વિંગ ના ચોથા માળનો નો ફ્લેટ નં.૪૦૫, માપ આશરે ૬૫૦.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ બિનખેતી પ્લોટ નં.૭, પ્લોટ નં. ૨૦ કુલ પ્લોટ એરીયાનું આશરે માપ ૩૧૯૨.૧૩ ચો.મીટર, સર્વે નં.૩૩૭, કુલ એરીયા નુ આશરે માપ ૨૫૨૯૩.૦૦ ચો.મીટર, મોજે ગામ. કરવડ, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત રાજય માં શ્રી સાહીલ બશીર શેખની માલિકીનો છે. | | અ) રૂ.૫.૨૮<br>બ) રૂ.૦.૬૦<br>ક) રૂ.૦.૧૫ | જાણમાં નથી<br>PUNB 71700024 |
| ૪ | **પીએનબી : દેવકા બીચ દમણ (૭૧૭૦૦૦)**<br>**મે.ઝાડીન ઈન્ડસ્ટ્રીઝ : શ્રીમતી શબનમ સલીમ શેખ (માલિક) :** સર્વે નં.૨૦૦/૧, ૨૩, ગાળા નં.૦૦૨, હિંગરાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હાતીયાવાડ, હાતીયાવાડ ચેક પોસ્ટ પાસે, નાની દમણ–૩૯૬૨૧૦ અને : ગ્રા.૬, ફ્લેટ નં.૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, સેલવાસ રોડ, વાપી–૩૯૬૧૯૧<br>**શ્રી સલીમ લાયકએહમદ શેખ (જામીનદાર)** ગ્રા.૬, ફ્લેટ નં.૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, સેલવાસ રોડ, વાપી–૩૯૬૧૯૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત નાઝ પાર્ક નામની 'બી' બિલ્ડીંગ, વિંગ 'બી' ના ગ્રાઉન્ડ ફ્લોરની કોમર્શીયલ દુકાન નં.૧, જેનું માપ આશરે ૭૦૦.૦૦ ચો.ફુટ યાને ૪૬.૪૬ ચો.મી. કોમર્શીયલ દુકાન નં.૨, જેનું માપ આશરે ૫૦૦.૦૦ ચો.ફુટ યાને ૪૬.૪૬ ચો.મી. જેની જમીનમાં ૨૦.૦૦ ચો.મી. ના વણવહેંચાયેલ હિસ્સા સહિત જેનું બાંધકામ એન.એ. થયેલ પ્લોટ નં.૭ થી પ્લોટ નં.૨૦, કુલ માપ ૩૧૯૨.૧૩ ચો.મી., અસલ સર્વે નં.૩૩૭, કુલ માપ ૨૫૧૯૨.૦૦ ચો.મી. મોજે ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ, ખાતે **શ્રીમતી શબનમ સલીમ શેખ ની માલિકીની આવેલ છે.** | અ) ૧૫.૦૧.૨૦૧૯<br>બ) રૂ.૧,૪૬,૦૫,૯૫૯.૦૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૩.૦૭.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૧૩.૫૦<br>બ) રૂ.૧.૩૫<br>ક) રૂ.૦.૨૫ | જાણમાં નથી<br>PUNB7170001 |
| ૫ | **પીએનબી : ચલા શાખા (૫૯૯૦૦૦)**<br>**મેસર્સ.જે. ડી. ફેશન : શ્રી વિનોદભાઈ બાલુભાઈ પટેલ (દેવાદાર)** ૨૦/૩, ઘેલવાડ ફળિયા, ડાભેલ, દમણ, દમણ અને દીવ–૩૯૬૨૧૦<br>**શ્રીમતી પુષ્પાબેન વિનોદભાઈ પટેલ (જામીનદાર)** ૨૦/૩, ઘેલવાડ ફળિયા, ડાભેલ, દમણ, દમણ અને દીવ–૩૯૬૨૧૦ | ભારતી શોપીંગ કોમ્પલેક્ષ નામની બિલ્ડીંગ નાં પહેલા માળની દુકાન નં.૪૭ જેનું આશરે માપ ૩૬૯.૦૦ ચો.ફુટ સુપર બિલ્ટ અપ એરીયા જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સર્વે નં.૭૨૩/૫ વાળી આશરે ૨૫૦૦.૦૦ ચો.મી. ગામ ડાભેલ, નાની દમણ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. (જે શ્રીમતી પુષ્પા વિનોદ પટેલની માલિકી ની છે.) | અ) ૦૫.૦૧.૨૦૨૨<br>બ) રૂ.૪૬,૨૨,૮૮૧.૮૮ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૨૯.૧૧.૨૦૨૨<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૧૧.૯૩<br>બ) રૂ.૧.૨૦<br>ક) રૂ.૦.૧૦ | જાણમાં નથી<br>PUNB 599000011 |
| ૬ | **પીએનબી : સુરત મેઈન (૦૪૩૯૦૦)**<br>**મેસર્સ શ્રી રામ વીવ ટેક પ્રાઈવેટ લિમિટેડ :** રજીસ્ટ્ર ઓફિસ : એ/૧, ફ્લેટ નં. ૩૦૩, વ્રજભુમી ટાઉનશીપ, સેક્ટર– ૨, સરથાણા જકાતનાકા, સીમાડા ગામ, સુરત.<br>**શ્રી મીતુલ દેવજીભાઈ વઘાસીયા :** બી/૧, ફ્લેટ નં. ૩૦૩, ગીરીરાજ એપાર્ટમેન્ટ સેક્ટર– ૨, વ્રજભુમી ટાઉનશીપ, વ્રજ ચોક નજીક, સરથાણા જકાતનાકા, સીમાડા ગામ, સુરત.<br>**શ્રી વિપુલભાઈ એમ રામાનુજ :** ૨૬ એસ. કે પાર્ક, સરથાણા ખાટોદરા, કામરેજ, સુરત–૩૯૫૦૦૬ | ૧૦૧ પ્લોટસ કુલ એરીયા ૬૨૮૪.૧૩ ચો.વાર એટલે કે પ્લોટ નં. ૫૭, એ/૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૮, ૬૯, ૭૨, ૭૩, એ/૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૦/એ, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, એ/૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૪, એ/૯૪, ૯૫, એ/૯૫, ડી– ૧/૧૪, ડી– ૧/૧૫, ડી/૪૩૭, એ/૪૩૮, ૪૩૮, ૪૯૩, એ/૪૯૩, બી/૪૯૩, ડી/૧૬, ૪૯૪, ૪૯૫, ૪૯૬, ૪૯૭, એ/૪૯૭, ૪૯૮, ૪૯૯, ૫૦૦, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૦૪, ૫૧૩, ૫૧૪, અને ૫૧૫ મખ્દુમ નગર રો હાઉસ, કોઠવા, મંગરોલ, સુરત ખાતે શ્રી મિતુલ ડી વઘાસીયા ની છે.<br>એ/૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, એ/૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, એ/૧૯૩, બી/૧૯૩, ડી/૧/૦૬, ડી–૧/૦૭, ડી/૩૨૬, એ/૩૨૭, બી/૩૨૭, ૩૨૭, ૩૨૮, ૩૭૯, ૩૮૦, ૩૮૧, બી/૧૮૧, એ/૧૮૧, જી/૨૨૧, એચ/૨૨૧, આઈ/૨૨૧, જે/૨૨૧, કે/૨૨૧, એલ/૨૨૧, ૨૪૬ અને ૨૪૯, મખ્દુમ નગર રો હાઉસ, કોઠવા, મંગરોલ, સુરત ખાતે શ્રી વિપુલભાઈ એન. રામાનુજ ની છે. | અ) ૧૨.૧૦.૨૦૧૩<br>બ) રૂ.૪,૫૬,૪૨,૧૭૭ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૪.૦૨.૨૦૧૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૭૦.૬૫<br>બ) રૂ.૭.૧૦<br>ક) રૂ.૦.૨૫ | જાણમાં નથી<br>PUNB 043900 SRIRAM |
| ૭ | **પીએનબી : સુરત મેઈન (૦૪૩૯૦૦)**<br>**મેસર્સ આસ્થા એન્ટરપ્રાઈઝ(ભાગીદારી પેઢી),** સરનામું : પહેલો માળ, વિષ્ણુ ચેમ્બર, રિલાયન્સ ફ્રેશ નજીક, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬.<br>**મેસર્સ આસ્થા એન્ટરપ્રાઈઝ (ભાગીદારી પેઢી),** સરનામું : દુકાન નં. ૭, ગાર્ડન ગેટ એપાટમેન્ટ, નાના વરાછારોડ, સુરત – ૩૯૫૦૦૬. | તમામ હક્ક હિત સંબંધ ધરાવતી જમીન અને મકાન કે જે ગંગેશ્વર.કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. નો પ્લોટ નં. ડી માપ આશરે ૧૩૨.૪૨ ચો.વાર કે જે જમીન રેવન્યુ સર્વે નં. ૭૮/૧–૨–૩–૪–૫, ૮૦/૨ અને ૮૧/૧ મોજે ગામ ફુલપાડા તાલુકા ચોર્યાસી, જીલ્લા– સુરત ખાતે મિલકત શ્રી હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા, શ્રી લાલજીભાઈ રામજીભાઈ વિરડીયા, શ્રીમતી સવિતાબેન લાલજીભાઈ વિરડીયા, શ્રીમતી અસ્મીતાબેન હરેનભાઈ વિરડીયા અને શ્રીમતી રીટાબેન અશ્વિનભાઈ વિરડીયા ની માલીકીની છે.<br>**ચર્તુદીશા હાજર નથી ખરીદનાર ખરીદી કરતા પહેલા ખરાઈ કરે.** | અ) ૧૪.૦૯.૨૦૧૭<br>બ) રૂ.૧૬,૦૦,૮૦,૧૭૬.૦૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૦૭.૧૨.૨૦૧૭<br>ડ) સાંકેતિક કબજો | અ) રૂ.૪૨.૦૦<br>બ) રૂ.૪.૨૦<br>ક) રૂ.૦.૧૦ | PUNB 043900 ASTHA1 |
| | **શ્રી લાલજીભાઈ આર. વિરડિયા (ભાગીદાર)**<br>**શ્રીમતી રીટાબેન એ વિરડીયા (ભાગીદાર)** સરનામું : ડિ–૧, જય ગણેશ્વર સોસાયટી, હીરાબાગ, વરાછારોડ, સુરત – ૩૯૫૦૦૬ | તમામ હક્ક હિત સંબંધ ધરાવતી જમીન અને મકાન કે જે ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટ ના લોઅર ગ્રાઉન્ડ ફ્લોર માં બી/૩ માપ ૫૫૦૬.૦૦ ચો.ફુટ આ મિલકત નું બાંધકામ જમીન બ્લોક નં. ૧૩૨ પૈકી, જે ફાઈનલ પ્લોટ નં. ૧૯/એ અને ૧૯/બી ટી.પી સ્કીમ નં. ૨૦ અને ચલતા નં. ૧૨૦,૧૨૩ અને ૧૨૪ નાના વરાછા, જીલ્લા– સુરત ખાતે મિલકત ના પ્રમાણસર વણવહેચાયેલ જમીન ના હિસ્સા સહિત મિલકત શ્રી હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા ની માલીકીની છે.<br>**ચર્તુદીશા હાજર નથી ખરીદનાર ખરીદી કરતા પહેલા ખરાઈ કરે.** | | અ) રૂ.૮૦.૦૦<br>બ) રૂ.૮.૦૦<br>ક) રૂ.૦.૧૦ | PUNB 043900 ASTHA2 |
| | **શ્રી અશ્વિનભાઈ એલ વિરડિયા (ભાગીદાર)** સરનામું : ડિ–૧, જય ગણેશ્વર સોસાયટી, હીરાબાગ, વરાછારોડ, સુરત – ૩૯૫૦૦૬<br>**હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા (ગીરવેદાર)**<br>**શ્રીમતી સવિતાબેન લાલજીભાઈ વિરડીયા(ગીરવેદાર)**<br>**શ્રીમતી અષ્મિતાબેન હરેનભાઈ વિરડીયા (ગીરવેદાર)** સરનામું : ડિ–૧, જય ગણેશ્વર સોસાયટી, હીરાબાગ, વરાછારોડ, સુરત – ૩૯૫૦૦૬ | તમામ હક્ક હિત સંબંધ ધરાવતી જમીન અને મકાન કે જે ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટ ના બી પાર્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ દુકાનો જેનું માપ ૫૩૬૨.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ જમીન બ્લોક નં. ૧૩૨ પૈકી, જે ફાઈનલ પ્લોટ નં. ૧૯/એ અને ૧૯/બી ટી.પી સ્કીમ નં. ૨૦ અને ચલતા નં. ૧૨૦,૧૨૩ અને ૧૨૪ નાના વરાછા, જીલ્લા– સુરત ખાતે મિલકત ના પ્રમાણસર વણવહેચાયેલ જમીન ના હિસ્સા સહિત મિલકત શ્રી હરેનભાઈ લાલજીભાઈ વિરડીયા ની માલીકીની છે.<br>**ચર્તુદીશા હાજર નથી ખરીદનાર ખરીદી કરતા પહેલા ખરાઈ કરે.** | | અ) રૂ.૧૦૨.૯૪<br>બ) રૂ.૧૦.૩૦<br>ક) રૂ.૦.૧૦ | PUNB 043900 ASTHA3 |
| ૮ | **પીએનબી : દેવકા બીચ, શાખા (૭૧૭૦૦૦)**<br>**મેસર્સ એસ.એમ.પ્લાસ્ટીક, શ્રીમતી આશા શ્યામલાલ મોટવાણી (માલિક) :** ફ્લેટ નં.૧૦૨, બ્લોક નં.એ/૧૯૨, રૂમ નં. ૩૮૪, સાંઈધામ, ઉલ્હાસનગર, મહારાષ્ટ્ર–૪૨૧૦૦૪<br>**શ્રીમતી આશા શ્યામલાલ મોટવાણી (માલિક) :** ફ્લેટ નં.૬૦૫, ૬ઠ્ઠો માળ, એ બિલ્ડીંગ, દિવ્ય દર્શન એર્પાટમેન્ટ, ગામ દુનેથા, નાની દમણ. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત દિવ્ય દર્શન નામની એ–૧ બિલ્ડીંગના ૬ઠ્ઠા માળનો ફ્લેટ નં.૬૦૫, ડીએમસી નં.૧૫–૩૬/એફ/૬ઠ્ઠો, ૫ જેનું આશરે માપ ૯૯૫ ચો.ફુટ સુપર બિલ્ટ અપ એરીયા જેની કોમન સુવિધાઓ સાથેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સર્વે નં.૬૧૨ માપ આશરે ૨૧૦૦ ચો.મી. વાળી મોજે ગામ દુનેથા, નાની દમણ, દમણના અધિકાર ક્ષેત્રમાં, સબ ડીસ્ટ્રીકટ દમણ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જે શ્રીમતી આશા શ્યામલાલ મોટવાણીની માલિકીનો છે. | અ) ૦૪.૧૨.૨૦૧૮<br>બ) રૂ.૧૦૧,૪૬,૬૧૬.૨૨ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૨૪.૦૨.૨૦૨૨<br>ડ) સાંકેતીક કબજો | અ) રૂ.૧૩.૭૧<br>બ) રૂ.૧.૩૮<br>ક) રૂ.૦.૧૦ | જાણમાં નથી<br>PUNB 717SM605 |
| ૯ | **પીએનબી : દેવકા બીચ, દમણ (૭૧૭૦૦૦)**<br>**મેસર્સ. શિવ શક્તિ ટેક્ષ્ટાઈલ્સ :** સર્વે નં.૩૭૫/૭, ગાળા નં.૨, કેઆરઆરજી કંમ્પાઉન્ડ, હીલ ઈન્ડ. એસ્ટેટ, કચીગામ, દમણ–૩૯૬૨૧૦<br>**શ્રી સુભાષ ક્રિષ્નચંદ શર્મા (માલિક):** ગાળા નં.૧, સર્વે નં.૩૭૫/૭, કેઆરઆરજી કંમ્પાઉન્ડ, હીલ ઈન્ડ. એસ્ટેટ, કચીગામ, દમણ–૩૯૬૨૧૦<br>**શ્રી પ્રમોદ ક્રિષ્નચંદ શર્મા (જામીનદાર) :** ફ્લેટ નં. ૫૦૪/એ, અભિલાષા કોમ્પલેક્ષ, એમ.જી.રોડ, ખરીવાડ, નાની દમણ–૩૯૬૨૧૦<br>**મેસર્સ. મહાવીર ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ (ગીરવેદાર) :** બિલ્ડીંગ નં. ડી, ના ૧લો માળ, સર્વે નં.૩૭૫/૭, હીલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઝરી કોઝવે, કચીગામ, નાની દમણ–૩૯૬૨૧૦<br>**મેસર્સ. મારૂતી ટેક્ષ્ટાઈલ (જામીનદાર) :** બિલ્ડીંગ નં. ડી, ના ૧લો માળ, સર્વે નં.૩૭૫/૭, હીલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઝરી કોઝવે, કચીગામ, નાની દમણ–૩૯૬૨૧૦ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ નં.ડી ના ૧લા માળનું આશરે માપ ૪૬૦૫.૦૦ ચો.ફુટ જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સર્વે નં.૩૭૫/૭, જેના પ્રમાણસર હિસ્સા સાથે મોજે કચીગામ, નાની દમણ, દમણ ખાતે મેસર્સ મહાવીર ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, ભાગીદારી પેઢી, (ભાગીદાર (૧) શ્રી સુભાષ ક્રિષ્નાચંદ્ર શર્મા, (૨) શ્રી પ્રમોદ ક્રિષ્નાચંદ્ર શર્મા) ના નામે આવેલ છે.<br>નોંધ : આ મિલકત મેસર્સ જય અંબે ઈન્ડસ્ટ્રીઝ ના એન.પી.એ. ખાતા માં પણ ગીરવે મુકેલ છે. (૭૧૭૦૦૦૮૭૦૦૦૦૦૪૫૯) | અ) ૨૯.૦૫.૨૦૨૩<br>બ) રૂ.૮૬,૨૯,૮૩૬.૧૭ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ જો રીકવરી હોય તો<br>ક) ૨૧.૦૮.૨૦૨૩<br>ડ) સાંકેતીક કબજો | અ) રૂ.૬૦.૦૦<br>બ) રૂ.૬.૦૦<br>ક) રૂ.૦.૫૦ | જાણમાં નથી<br>PUNB717000 SHIV |
| ૧૦ | **પીએનબી : સુરત મેઈન (૦૪૩૯૦૦)**<br>**મેસર્સ કોટડિયા ટેક્ષટાઈલ પ્રાઈવેટ લિમિટેડ (કાયદેસર ના વારસદાર) :** પ્લોટ નં. ૧૧/એ/બી, અરિહંત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પીપોદરા, તા. માંગરોળ, જી.સુરત. બ્લોક નં. ૪૯, પ્લોટ નં. એફ, મજદા ગલી, પીપોદરા, તા. માંગરોળ, જી.સુરત<br>**શ્રી ધર્મિષ્ટાબેન હરેશભાઈ કોટડિયા (ડાયરેક્ટર/ જામીનદાર) :** પ્લોટ નં. ૭–૮, મીરા નગર સોસાયટી, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬<br>**શ્રીમતી રેખાબેન ઉમેશભાઈ કોટડિયા (ડાયરેક્ટર/ જામીનદાર) :** પ્લોટ નં. ૭–૮, મીરા નગર સોસાયટી, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત ભગવતી આશિષ– ૧ ના સી ટાવર નો ૧લા માળ નો ફ્લેટ નં. ૧૦૨ માપ આશરે ૩૦૦૩ ચો.ફુટ, ૩૭.૮૬૩ ચો.મીટર ના મિલકત ના પ્રમાણસર વણવહેચાયલ હિસ્સા સહીત બિલ્ડીંગ નું બાંધકામ ફાઈનલ પ્લોટ નં. ૧૪૯, ટી.પી. સ્કીમ નં. ૦૪ ઉમરા દક્ષિણ, રેવન્યુ સર્વે નં. ૧૪૪ પૈકી મોજે ઉમરા, ઉમરા વિસ્તાર માં સુરત શહેર માં તા. ડીસ્ટ્રીકટ સુરત ખાતે બિલ્ડીંગો સુપર સ્ટ્રકચર, બંધાયેલ કે બાંધવામાં હોય ભવિષ્યના કે હાલના અને તમામ ઉપકરણ સહીત. | અ) ૧૬.૦૭.૨૦૧૩<br>બ) રૂ.૭,૧૮,૮૪,૧૨૨.૨૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૮.૦૬.૨૦૧૬<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૬૮.૮૫<br>બ) રૂ.૦૬.૯૦<br>ક) રૂ.૦.૫૦ | જાણમાં નથી<br>PUNB 043900 KOTADY |
| ૧૧ | **પીએનબી : દેવકા બીચ, (૭૧૭૦૦૦)**<br>**શ્રી અશ્ફાક બશીર શેખ :** એફ–૧૦૫/૧૦૬, મહેર એપાર્ટમેન્ટ, કબ્રસ્તાન રોડ, આઝાદ રોલીંગ શટર પાસે, વલસાડ, – ૩૯૬૧૯૧.<br>**શ્રી સાહીલ બશીર શેખ (જામીનદાર) :** ફ્લેટ –૧૦૫, મહેર એપાર્ટમેન્ટ, કબ્રસ્તાન રોડ, આઝાદ રોલીંગ શટર પાસે, વલસાડ, –૩૯૬૧૯૧. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત નાઝ પાર્ક નામની 'સી' બિલ્ડીંગ ના ૧લા માળનો રહેણાંકનો ફ્લેટ નં.૧૦૩, જેનું માપ આશરે ૧૩૯૦.૦૦ ચો.ફુટ યાને ૧૨૯.૧૩ ચો.મી. સુપર બિલ્ટ અપ એરીયા, જેનું બાંધકામ એન.એ. થયેલ પ્લોટ નં.૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦, રેવન્યુ સર્વે નં.૩૩૭ વાળી મોજે ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. (મિલકત શ્રી અશ્ફાક બશીર શેખની માલિકીની છે) | અ) ૦૪.૦૫.૨૦૨૧<br>બ) રૂ.૨૩,૦૫,૧૫૧.૩૯ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૩.૦૭.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૧૦.૧૪<br>બ) રૂ.૧.૦૨<br>ક) રૂ.૦.૧૦ | PUNB 71700021<br>જાણમાં નથી |

નિયમો અને શરતો : વેચાણ સિક્યોરિટી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે. ૧. મિલકતો **'જેમ છે જ્યાં છે તેના આધારે'** અને **'જેમ છે જે છે તેના આધારે'** અને **'જેમ છે ત્યાં છે તેના આધારે'** વેચવામાં આવી રહી છે. ૨. સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં ૩. જો હરાજી કરાયેલ મિલકત સાંકેતિક કબજામાં હોય, તો મિલકતના પ્રત્યક્ષ કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓની નિકાલ ક્યાં પછી જ સફળ ખરીદનારને પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે. ૪. વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર **તારીખ ૦૮.૦૬.૨૦૨૬ નારોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** કરવામાં આવશે. પૂરા પાડવામાં આવેલ ઈ–ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. ૫. સફળ બોલી લગાવનાર દ્વારા બેંક ને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ /બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે. ૬. ખરીદનાર/ ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ SARFAESI એક્ટ ૨૦૦૨ હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર જ્યાં, લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જામીનદાર)ના નામે અને પાન નંબરનો સમાવેશ થાય છે. ૭. વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા મો : **૮૧૪૬૦૯૨૮૭૭** અથવા **૯૬૨૪૫૭૭૨૨૫** પર કોલ કરો. ૮. કાનુની પ્રક્રિયા દ્વારા પ્રત્યક્ષ કબજો મેળવ્યા પછી સાંકેતિક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે. ૯. કોઈપણ કાનુની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર પ્રત્યક્ષ કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારીની જવાબદાર રહેશે નહીં. **૧૦. અનુ નં. ૬ ની મિલકત આઈડી નં. PUNB043900SRIRAM અને અનુ નં. ૭ ની મિલકત આઈડી નંબર માં ચર્તુદીશ હાજર નથી PUNB043900ASTHA1, PUNB043900ASTHA2, PUNB043900ASTHA3 ખરીદનાર ને હરાજી અને અંતિમ બોલી લગાવતા પહેલા તેની ખરાઈ કરવાની રહેશે.**

SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**

**તા.૨૩.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત** (આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.) **ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર**